# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૨૦ જૂન, ૨૦૦૪)

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦) **સત્સંગ પ્રાજ્ઞ - ૧ : પ્રશ્નપત્ર - ૧** (કુલ ગુણ : ૧૦૦)

**નોંધ :- જમણી બાજુએ આપેલ અંક જે તે પ્રશ્નના ગુણ દર્શાવે છે.**

**('વચનામૃત'ના આધારે)**

**પ્રશ્ન.૧. (અ) નીચેનામાંથી કોઈપણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** (ગુણ ૨૧)

૧. એને માથે કાળ, કર્મ ને માયા, તેનો હુકમ નથી.
૨. બાહ્યદૃષ્ટિવાળાને શ્રીહરિએ આપેલી ચાર ઉપાધિ.
૩. મોક્ષનાં કામમાં આવે તેનું નામ બુદ્ધિ - પં. ૩ના આધારે.
૪. જીવની બુદ્ધિ ભ્રષ્ટ હોય તો પણ ભગવાન અને સંતના શબ્દને સાંભળવે કરીને ઉત્તમ થાય છે.
૫. ચાર પ્રકારની સમજણનું.

**(બ) નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો.** (ગુણ ૧૫)

૧. મનોમય ચક્રને ............................... તે ઠેકાણે જાણવું.
૨. પરમેશ્વરની વાતમાં ............................... જેવા ગુણ આવે છે.
૩. જે એકાંતિક ભક્ત તે ............................... સેવામાં રહે છે.
૪. અનંતમુક્ત થઈ ગયા ............................ કોઈ સમર્થ નથી.
૫. ભગવાનની મૂર્તિની ............................... તેનો સ્નેહમાં ફેર છે.

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** (ગુણ ૪)

૧. ભગવાનનું માહાત્મ્ય. ૨. માન

**('સ્વામીની વાતો'ના આધારે)**

**પ્રશ્ન.૨. (અ) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** (ગુણ ૫)

૧. ક્યારે સમજવાનું ને કરવાનું કાંઈ ન રહે ?
૨. મહારાજે ધોરાજીમાં પોતાનો પ્રતાપ જણાવીને શું કરાવ્યું ?
૩. મહારાજે કૃપા બહુ કરી પણ શા માટે બ્રહ્માનંદ સ્વામીને સમજાતું નથી ?
૪. પ્રધાનપુરુષથી પ્રકૃતિપુરુષ કેટલા ગણા વધુ છે ?
૫. બધોય સત્સંગ શું છે ?

**(બ) કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધીને ખાલી જગ્યા પૂરો.** (ગુણ ૫)

૧. મહારાજની મૂર્તિ વિના ને આ સાધુ વિના ......................... ક્યાંય નથી. (લાભ, સુખ કે શાંતિ, અખંડ સુખ)
૨. .........................વાતુ જીવનું જીવન છે. (પાંચ, સાત, ચાર)
૩. ક્રિપાનંદ સ્વામી જેવાની પાંખમાં પડ્યા છે તો ......................... રહેશે નહીં. (દુઃખ, કસર, સુખ)
૪. બીજા તો નિયમ ધરાવીને વર્તમાન પળાવે ત્યારે કલ્યાણ થાય ને ......................... સ્વામીનાં તો દર્શન કરીને કલ્યાણ થાય. (ગોપાળાનંદ, સ્વરૂપાનંદ, ગુણાતીતાનંદ)
૫. સત્સંગીનું કલ્યાણ ......................... જેવું થાય છે. (નારદજી, અવતાર, મુક્તાનંદ)

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર વિસ્તૃત નોંધ લખો.** (ગુણ ૧૦)

૧. શ્રીજીમહારાજની સર્વોપરિતા ૨. અક્ષરધામનો મહિમા.
૩. બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ભક્તિ કરવી.

**('ભગતજી મહારાજ'ના આધારે)**

**પ્રશ્ન.૩. (અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** (ગુણ ૨૦)

૧. ભાદ્રોડમાં સંતોએ માણેલી રસલહાણ ૨. સેવાના વ્યસની ભગતજી મહારાજ.
૩. ભગતજીએ અમદાવાદમાં કરેલ જ્ઞાનયજ્ઞ. ૪. પેટલાદમાં ભગતજીની જ્ઞાનવાર્તા.

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષય પર નોંધ લખો.** (ગુણ ૨૦)

૧. મહુવામાં આચાર્ય મહારાજની પધરામણી. ૨. વરતાલના મોવડીઓ ઉપર ભગતજીનો પ્રભાવ.
૩. અજાતશત્રુ : ભગતજી મહારાજ ૪. જૂનાગઢમાં શાસ્ત્રીજી મહારાજે પૂછેલા પ્રશ્નો.

**નોંધ :- (૧) પ્રશ્ન-૧(બ)ના મુખપાઠ કરવાનાં 'અવતરણો' નવાં બહાર પડેલાં છે. તે મુજબ મુખપાઠ કરવો.**
**(૨) ઉપરોક્ત તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૮ જુલાઈ, ૨૦૦૪ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પણ પુછાવાની શક્યતા રહેલી છે.**

---

**પ્રતિ,**
**પરીક્ષા વ્યવસ્થાપક (તા. ૨૦ જૂન, ૨૦૦૪ પરીક્ષા : સત્સંગ પ્રાજ્ઞ-૧(૧) માધ્યમ : ગુજરાતી સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦)**

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો. ૭૦૧

પરીક્ષાર્થીની અટક :- પરીક્ષા આપી તે તારીખ :-
પરીક્ષાર્થીનું નામ :- પરીક્ષા આપી તે સમય :-
પિતા / પતિનું નામ :- બેઠક ક્રમાંક :- | | | | | | |
પરીક્ષા સ્થળનું નામ :- કેન્દ્ર નંબર :- | | | | |
પરીક્ષાર્થીની સહી :- કેન્દ્રનું નામ :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરી સ્લીપ કાપીને તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત વર્ગમાં હાજર રહેલા તમામ પરીક્ષાર્થીઓની હાજરીની સ્લીપો ભેગી કરીને તેની સંખ્યા પૂર્વ કસોટીના અહેવાલમાં લખીને સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય-અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે.**